ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૮ ડીગ્રી
ભેજ
સવારે ૫૧ ટકા ● સાંજે ૨૩ ટકા

# એકમેકનો સહારો બનીને કોરોના વાયરસને પણ હંફાવતા બાળ વોરિયર્સ

ગાંધીનગર તા.૬

કોરોના સંક્રમણની બીજી લહેરમાં બાળકો પણ સંક્રમિત થઈ રહ્યાં હોવાના કિસ્સા જોવા મળી રહ્યાં છે. એવું કહેવાય છે કે બાળકોની ગ્રહણશક્તિ તો ખૂબ સારી હોય છે તે જ રીતે તેમની રોગ પ્રતિકારક શક્તિ પણ સારી હોય છે, અને કદાચ આ જ કારણ છે કે ગાંધીનગરના બે ટાબરિયાં ભાઈઓ એકમેકનો સહારો બનીને જેની સામે દુનિયા લાચાર બની છે તેવા કોરોના વાયરસને પણ હંફાવી રહ્યાં છે.



ગાંધીનગરના બાળ કોરોના વોરિયર્સ કહી શકાય તેવા બે ભાઈઓ જેમાં એક વેદાંત માત્ર ૮ વર્ષનો અને બીજો હરિઓમ ૧૩ વર્ષનો છે. બે ભાઈ ની જોડીને ઘરમાં દાદા અને પિતાને કોરોના પોઝિટિવ આવ્યા બાદ બંનેને પણ કમનસીબે બંને પોઝિટિવ થયા છે. એક રૂમમાં બંને સાથે હોમ કોરોન્ટીને થયા જે રૂમમાં એક બારણું છે જે બંધ રાખવામાં આવે છે અને એક બારી છે જેમાંથી તેમને બહારની દુનિયા જોવા મળે છે. માતા રોજ તેમની સાથે બારીમાંથી તેમની સાથે વાતચીત તથા તેમની તબિયતના સમાચાર પુછી લે છે પણ આ બાળકોની હિંમત અને સમજણ આંખ ભીની કરી દે તેવી છે. બંને નાસીપાસ થયાં કે ગભરાઈ ગયા વગર સમય પસાર કરવા સાથે રમતો રમે છે અને નિયમિત દવા લઈ લે છે. વેદાંતને તો હોમ આઈસોલેશનમાં ૧૩ દિવસ પુરા પણ થઈ ગયાં છે અને હવે તે પુરુ થવાનું કાઉંટડાઉન ગણાઈ રહ્યું છે તે સાથે બંને બાળકોના ચહેરા પર આનંદ વર્તાઈ રહ્યો છે. બંને બાળકોનું મનોબળ કાબિલે તારિફ છે જે આજના બાળકોનો આત્મવિશ્વાસ પ્રદર્શિત કરે છે.

# હોમ આઈસોલેશનમાં રહીને ૫૪ વર્ષિય મહિલાએ આયુષ સારવાર થકી કોરોનાને હરાવ્યો

**સીટી સ્કેનમાં ૧૧.૩૨ અંક આવ્યો હોવા છતાં ૧૫ દિવસમાં જ હું નેગેટીવ થઇ ગયેલા જમિયતપુરાના ચંદ્રિકાબેન**

ગાંધીનગર તા.૬

વૈશ્વિક મહામારી કોરોનાને નિયંત્રણમાં લાવવા તથા કોરોના સંક્રમિત માઈલ્ડ-એસિમ્ટોમેટીક નાગરિકોની સારવાર માટે આયુષ પદ્ધતિ આશિર્વાદરૂપ સાબિત થઈ રહી છે. નાગરિકોમાં રોગપ્રતિકારક શક્તિ વધે તે માટે આયુષ દ્વારા ઉકાળા, આર્સેનિક આલ્બમ તથા સંશમની વટી સહિતની દવાઓનું વિતરણ કરવામાં આવી રહ્યુ છે જેના પરિણામે મહદઅંશે કોરોનાનું સંક્રમણ અટકાવવામાં સફળતા મળી રહી છે. રાજયના નાગરિકોને રોગપ્રતિરોધક ઔષધ અને કોરોના પોઝીટીવ દર્દીઓને આયુષ ચિકિત્સા પૂરી પાડવામાં ગુજરાત અગ્રેસર રહ્યુ છે. તાજેતરમાં જ વધુ એક કોરોના સંક્રમિત દર્દીએ હોમ આઈસોલેશનમાં રહીને આયુષ સારવાર થકી કોરોના સામે જંગ જીતી છે. હોસ્પિટલમાં તાત્કાલિક જગ્યા મળવી મુશ્કેલ હતી ત્યારે ગાંધીનગર જિલ્લાના જમિયતપુરા ગામના ચંદ્રિકાબેન સુરેશભાઈ પ્રજાપતિએ ભયભીત થયા વગર મક્કમ મનોબળ, સ્વસ્થ માનસીકતા સાથે આયુષ સારવાર થકી કોરોનાને હરાવ્યા બાદ આયુષ ડોક્ટરનો આભાર માનતા કહ્યું કે, ભારતીય પરંપરાગત આયુષ ઉપચાર પદ્ધતિ ઉપર મને સંપુર્ણ વિશ્વાશ અને શ્રદ્ધા છે જેનો મને આજે ફરી એકવાર સ્વઅનુભવ થયો છે. સીટી સ્કેનમાં ૧૧.૩૨ અંક આવ્યો હોવા છતાં ઘરે જ સરકારી આયુર્વેદ દવાખાનાના ડોક્ટરની સલાહ પ્રમાણે ઉકાળા તથા સંશમની વટી તેમજ શરદી-તાવ માટે અન્ય સંલગ્ન દવાઓ લઈને ૧૫ દિવસમાં જ હું નેગેટીવ આવી ગઈ છું.



કોરોનાને આયુષ દવાઓથી મ્હાત આપી કોરોના મુક્ત થયેલા જમિયતપુરા ગામના ચંદ્રિકાબેને કહ્યું કે, મને આજથી લગભગ ૧૫ દિવસ પહેલા શરદી થઈ અને તાવ આવ્યો અને શરીરમાં ખૂબ દુખતું હતું એટલે અમે આર.ટી.પીસીઆર ટેસ્ટ કરાવ્યો તે ટેસ્ટ પોઝિટિવ આવતા મારા ઘરમાં ઉપરના માળ પર મેં અલગથી રહેવાનું શરૂ કર્યું હતું. શરદી અને તાવના કારણે મને શરીરમાં ખૂબ જ દુખાવો થતો હતો પછી ધીમે ધીમે મને ઉધરસ પણ શરૂ થઈ, ઘણીવાર બેચેની પણ લાગતી હતી ક્યારેક શ્વાસ લેવામાં પણ તકલીફ પડતી હતી. અહીં અમારા ગામ જમિયતપુરાના સરકારી આયુર્વેદ દવાખાનાના ડોક્ટરે મને ઘરે જ ઉકાળા તથા સંશમની વટી તથા શરદી અને તાવ માટે પણ બીજી આયુષની દવાઓ મોકલી આપી હતી, ડોક્ટરના સતત આશ્વાસનથી મને હિંમત રહેતી હતી. આ આયુષની દવાઓનું સેવન ચાલુ જ હતુ. થોડા દિવસ પછી ઉધરસ ઓછી થવા લાગી છતાં પણ સંતોષ ખાતર મેં સીટી સ્કેન કરાવ્યો જેમાં ૧૧.૩૨ અંક આવ્યા પણ મેં ડોક્ટરની સલાહ અનુસાર આ આયુર્વેદિક ઉકાળા અને ચૂર્ણને મધ સાથે તથા ગોળી પણ જમ્યા પછી લેવાનું ચાલુ રાખ્યુ હતું. મને ધીમે ધીમે ખૂબ રાહત થતી ગઈ આજે પંદર દિવસ પછી મને ૯૦ ટકા જેટલું સારું થઈ ગયું છે તેના માટે આયુષ સારવાર આપનાર ડોક્ટર બેનનો હું ખૂબ ખૂબ આભાર માનુ છું. હવે મારો રિપોર્ટ પણ નેગેટીવ આવી ગયો છે.

## જન્મદિને વધામણી



નીતિનભાઈ નારાયણભાઈ મહેરિયા
મો. ૯૯૭૯૯ ૩૬૩૯૯




હ્રિધાન સેહુલ સોની
મો. ૯૮૭૯૪ ૨૩૦૮૦



હંસાબેન હસમુખભાઈ પટેલ
મો. ૯૪૨૭૩ ૧૭૫૮૪



ચારુલતા વી ગોર
મો. ૯૮૯૮૮ ૧૦૧૨૯




કુંપલ ગઢવી
મો. ૯૮૯૮૮ ૧૦૧૨૯



દેવલ અમિતકુમાર ભટ્ટ
મો. ૯૯૨૪૫ ૦૮૪૮૮

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સર, અમારી લેબ પર કોરોનાનાં ટેસ્ટ ઉપરાંત કોરોનાની દવા અને ઈંજેક્શન સાચા છે કે નકલી છે તેના ટેસ્ટનું નવું કાઉન્ટર ચાલું કર્યું છે...

# ગાંધીનગરમાં કોરોના કટોકટીમાં આરએસએસની ટિફિન સેવા અને ઉકાળા વિતરણ






ગાંધીનગર તા.૬

કોરોનાના કપરા સમયમાં લોકોમાં રોગપ્રતિકારક શક્તિ વધારવાના ઉદ્દેશ્ય સાથે સતત છેલ્લા ૨૦ દિવસથી રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના કાર્યકર્તાઓ દ્વારા દૈનિક ૨ હજારથી વધુ લોકોને પૂ. પ્રાગદાસ બાપાની રામવાડી અન્નક્ષેત્ર ટ્રસ્ટના સહયોગથી આયુર્વેદિક ઓર્ગેનિક ઉકાળા વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ સાથે કોરોનાથી સંક્રમિત થયેલા ઘરે સારવાર લઈ રહેલા દર્દીઓ અને હોમકોરોન્ટાઈન થયેલા પેથાપુર, કુડાસણ અને વાવોલ વિસ્તારમાં તેમના પરિવારજનો છેલ્લા ૧૫ દિવસથી ૩૦ જેટલા સ્વયંસેવકો દ્વારા શિક્ષાપત્રી અને નિષ્ઠા ફાઉન્ડેશન જેવી સેવાભાવી સંસ્થાઓની મદદથી બે ટાઈમ ૧૦૦ જેટલા ટિફિન વિના મૂલ્યે પહોંચાડવામાં આવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સંઘના છ જેટલી શાખાઓ દ્વારા ગાંધીનગરના સેક્ટર-૨૦,૨૧,૨૮,૩૦ તેમજ પેથાપુર, કુડાસણ, સરગાસણ, રાયસણ, કોબા, ધોળાકુવા અને ચરેડી સહિતના ગામોમાં રોજ સવારે વિનામૂલ્યે આયુર્વેદ ઉકાળાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.



**બળબળતા બપોરે મીઠી નિંદર માણતા કપિરાજ**

આકાશમાંથી અગનવર્ષાની જેમ ઉનાળાની ગરમી વરસવા લાગી છે અને સમગ્ર શહેર કોરોના મહામારી તથા ગ્રીષ્મના તાપથી સુમસામ થઈને બેઠું છે, આ સમયે કપિરાજોનું એક ઝુંડ પણ બળબળતાં બપોરે પો'રો ખાવા એક ઈમારતની પાણી ટાંકી નીચે છાંયામાં પ્રાપ્ત થતી થોડી ઘણી ઠંડક માણતું બેઠું હતું. જેમાં બે કપિરાજોએ તો મીઠી નિંદર માણવાનો સોનેરી અવસર ઝડપી લીધો હતો.

# ગાંધીનગર જિલ્લામાં વધુ નવી છ ૧૦૮ એમ્બ્યુલન્સ કાર્યરત

ગાંધીનગર તા.૬

કોરોના કાળમાં કોરોના સંક્રમિત દર્દીની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે તે સામે ૧૦૮ એમ્બ્યુલન્સ ૨૪ કલાક તત્પર રહે તે માટે અવનવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે જેમાં જી.વી કે ૧૦૮ની વધુ છ એમ્બ્યુલન્સ ગાંધીનગર જિલ્લા માટે ઉમેરવામાં આવી છે.

અત્યાર સુધી માં ગાંધીનગર જિલ્લા માં કુલ ૧૩ એમ્બ્યુલન્સ કાર્યરત હતી જેમાં હાલ વધુ ૬ ઉમેરી કુલ મળીને ૧૯ એમ્બ્યુલન્સ કરી દેવામાં આવી છે જેમાં ગાંધીનગર જિલ્લાના અલગ અલગ લોકેશન જેમકે ઈન્ફોસીટી, જિલ્લા પંચાયત, સિવિલ હોસ્પિટલ, સરગાસણ, અક્ષર ધામ, ઈફકો એમ મળીને નવી છ એમ્બ્યુલન્સ સ્ટેન્ડ બાય કરવામાં આવી છે. કુલ ૧૯ એમ્બ્યુલન્સમાંથી ત્રણ ૧૦૮ એમ્બ્યુલન્સને જનરલ ઈમરજન્સી નોન કોવિડ એમ્બ્યુલન્સ કરવામાં આવી છે જેમાં ટ્રોમા, હાર્ટ એટેક, સર્પ દંશ પ્રસૂતિ માટેના કેસ તથા અન્ય કોવીડ સિવાયની કોઈ પણ ઈમરજન્સી માટે ૨૪ કલાક તત્પર કરવામાં આવી છે.



# સેક્ટર-૨૧માંથી ૨.૫૬ લાખનો ગુટકાનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર, તા. ૬

કોરોનાના કહેરને પગલે પાટનગરમાં દુકાનો બંધ હાલતમાં છે. વેપારીઓના ધંધા ઠપ્પ થઈ ગયા છે. જીવન જરૂરીયાતની ચીજવસ્તુની વેચાણ કરતી દુકાનો માત્ર ખુલી હોય છે. ત્યારે શહેરના સેક્ટર-૨૧ સ્થિત મહાલક્ષ્મી કિરાણા સ્ટોર્સ આવેલ છે. અનાજ કરીયાણાની આડમાં વેપારી પાન-મસાલા, બીડી-સીગારેટ અને ગુટખા તમાકુનો વેપાર કરતા સેક્ટર-૨૧ પોલીસે વેપારીની ધરપકડ કરી રૂ. ૨.૫૬ લાખનો જથ્થો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સૂત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરમાં કોરોનાની વૈશ્વિક મહામારીને પગલે આંશિક લોકડાઉન સ્થિતિ વચ્ચે સરકારી તંત્ર દ્વારા રાત્રી કરફયુ પણ જાહેર કરાયો છે. કોરોના પાર્ટ-૨ દર્દીઓ માટે ઘાતક સાબિત થઈ રહ્યો છે. શહેરમાં માત્ર જીવન જરૂરી ચીજવસ્તુના વેચાણને છુટ અપાઈ છે. તેમ છતા કેટલાક વેપારીઓ છાનેખુણે વેપાર કરી રહ્યા છે. તે દરમિયાન સે. ૨૧ પોલીસના સઘન પેટ્રોલીંગ વચ્ચે સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મહાવીરસિંહ રાણાને બાતમી મળી હતી કે સેક્ટર-૨૧માં આવેલા મહાલક્ષ્મી કિરાણા સ્ટોર્સ દુકાન નં. ૧૪૩/૧૪૪ ના વેપારી મહેશ પ્રભુભાઈ ઠક્કર (રહે. સે. ૩૦, પ્લોટ નં. ૪૦૮/બી) જથ્થાબંધના ભાવે પાન-મસાલા, બીડી-સીગારેટ, તમાકુનું વેચાણ કરી રહ્યા છે. જેને પગલે પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી તે સમયે મહાલક્ષ્મી કિરાણા સ્ટોર્સ પાસે કેટલાક વ્યક્તિ જીવન જરૂરી ચીજવસ્તુ સાથે બીડી-સીગારેટ, ગુટખાના વિવિધ જથ્થાબંધ વેચાણ કરતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે દુકાનમાં તપાસ કરતા પાન-મસાલા, ગુટખા, બીડી, સીગારેટના કોથળા ભરીને મોટી માત્રામાં જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ગુટખાના જથ્થાની ગણતરી કરતા રૂ. ૨.૫૬ લાખનો મુદ્દામાલ કબજે કરી મહેશ ઠક્કરની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી



- ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ઉભા કરાયેલા આઈસોલેશન સેન્ટરોની આજે તાલુકા વિકાસ અધિકારીએ મુલાકાત લીધી હતી.
- ગાંધીનગર તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ શોભનાબેન વાઘેલાએ મોટી આદરજ ખાતે કોરોના વેક્સિનેશનમાં તેમનો પ્રથમ ડોઝની રસી લીધી છે.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૬૯૮૩ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- વડનગરા નાગર સમાજના યુવા અગ્રણી તરંગ હાથી અને તેમનો પરિવાર કોરોનાથી સંક્રમિત થયો છે.
- ગાંધીનગર એક્રેડીટેશન પ્રેસ કલબના પ્રમુખ અનિરૂદ્ધસિંહ ઝાલા કોરોના સામેનો જંગ હારી જતાં પત્રકારોમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.
- ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમે આજે પણ તેની મોકડ્રીલ અન્ય હોસ્પિટલોમાં યોજી હતી.
- જિલ્લામાં પાંચ દિવસમાં ૪૭ બાળકો સંક્રમિત થતાં આરોગ્ય તંત્રએ તેની ગંભીર નોંધ લીધી છે. વાલીઓમાં બાળકો સંક્રમિત થયાની વાતને લઈ ફફડાટ વ્યાપેલો છે.
- ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસોમાં આજે ઘટાડો નોંધાતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.

# રાયપુર ગામે ધાર્મિક વિધિમાં એકઠા થયેલા ૪૬ વ્યક્તિ સામે ગુનો નોંધાયો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર નજીક આવેલા રાયપુર ગામે તાજેતરમાં બળીયા દેવ મંદિર ખાતે ધાર્મિક પ્રસંગ યોજાયો હતો. જેમાં ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. આ ધાર્મિક પ્રસંગનો વિડીયો વાયરલ થઈ જતા જિલ્લા પોલીસતંત્ર હરકતમાં આવી ગયું હતું. ડભોડા પોલીસે વિડીયોના આધારે ૪૬ ગ્રામજનો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ત્યારે બળીયાદેવ મંદિર ખાતે યોજાયેલ મેળાવડો કોરોનાને ભગાડવા માટે યોજાયો હતો.

પોલીસ સુત્રો દ્વારા વિગત મુજબ કોરોનાની બીજી લ્હેર પાટનગરવાસીઓ માટે ઘાતક સાબિત થઈ રહી છે. કોરોના સંક્રમણના કેસ સતત વધી રહ્યા છે. ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસથી કોરોના પોઝીટીવ દર્દીઓનો આંકડો ૩૦૦ ને પાર હોય છે. શહેર સહિત ગ્રામ્ય વિસ્તારમાં પણ કોરોનાનો વ્યાપ વધતા તંત્રમાં પણ ચિંતા જોવા મળી રહી છે. કોરોનાથી નાગરીકો ડર અનુભવી રહ્યા છે ત્યારે કોરોનાને ભગાડવા માટે રાયપુર ગામે બળીયાદેવને પાણી ચઢાવવાની ધાર્મિક વિધિ યોજાઈ હતી. ગામમાંથી ઢોલ-નગારા સાથે નીકળેલા ધાર્મિક મેળાવડામાં ગ્રામજનો મોટી સંખ્યામાં એકઠા થયા હતા. તાજેતરમાં કોરોના ભગાડવા માટે યોજાયેલ ધાર્મિક મેળાવડાનો વિડિયો વાઈરલ થતા પોલીસ તંત્ર ચોકી ઉઠ્યુ હતુ અને હરકતમાં આવી ગયુ હતુ. ડભોડા પોલીસે ઢોલ-નગારા જપ્ત કરી ૪૬ નાગરીકોની ઓળખવિધિ કરી તેમની સામે ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**

# ગુજરાત સ્થાપના દિન નિમિતે 'ઝલક' ઈ મૅગેઝિનનું વિમોચન

ગાંધીનગર, તા. ૬

"ઝલક" ઈ મૅગેઝિનનો ગાંધીનગર સાહિત્યસભા દ્વારા સળંગ ચોથો અંક પ્રકાશિત કરવામાં આવી રહ્યો છે. પહેલી મે એટલે ગુજરાત સ્થાપના દિવસ, અને એને ધ્યાનમાં રાખીને ઝલકના સંપાદક કવિ પ્રતાપસિંહ ડાભી 'હાકલ' દ્વારા "ગુજરાત ગૌરવ" વિશેષાંક પ્રકાશિત કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. સહ સંપાદક અજય રાવલ પોતે કોરોનાગ્રસ્ત હોવા છતાં ટેકનિકલ વિભાગ સંભાળી લીધો જ્યારે અન્ય સહ-સંપાદક ડો. દિશા પોપટના માતુશ્રી કોરોનાને કારણે અવસાન પામ્યાં છતાંય આ બંને જણાએ ઝલક અંક માટે કટિબદ્ધતા બતાવી છેપ ગુજરાત સ્થાપના દિને ગાંધીનગર સાહિત્યસભાના મહામંત્રી રમેશભાઈ ઠક્કર દ્વારા 'ગુજરાત ગૌરવ' ઝલક ઈ મૅગેઝિનનું વિમોચન કરવામાં આવ્યું હતું.



'ગુજરાતની આગવી અને વિશિષ્ટ સંસ્કૃતિ અને સાવજની ભોમકા એટલે ગુજરાત. ગુજરાત એટલે ગરબા, ગુજરાત એટલે વેપારી બુધ્ધિ, ગુજરાત એટલે સાહસ, ગુજરાત એટલે ભર્યા ભાણે જમનારા સ્વાદ-રસિયાઓ. પદ્યમાં લખો તો કદાચ લાંબુ મહાકાવ્ય લખાય અને ગદ્યમાં પણ મહાનવલના ૧-૨-૩-૪૫. ભાગ કરવા પડે એવી ધરા ગુર્જરીની યશગાથા. અલબત્ત, છેલ્લા ચૌલુક્ય વંશથી શરુ થયેલા ગુજરાતનો ભાતીગળ ઈતિહાસ આમ તો ઘણો જૂનો છે જ પણ સ્વતંત્ર રીતે કચ્છ, સૌરાષ્ટ્ર, ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતનો સમાવી લેતા સ્વતંત્ર ગુજરાત રાજ્યની સ્થાપનાને આજે ૬૧ વર્ષ પૂરા થયાં' આવી વિશિષ્ટ વાતો ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતે એમના અધ્યક્ષીયમાં લખી છે.

ઝલકમાં આ વખતે પદ્યમાં જય જય ગરવી ગુજરાત - નર્મદશંકર દવે, યશગાથા ગુજરાતની, સતીન દેસાઈ પરવેઝ, પ્રતાપસિંહ ડાભી 'હાકલ', લતા હિરાણી, રમણભાઈ વાઘેલા, માલિની પાઠક, ભરત ભટ્ટ, રમેશ ચૌહાણ ગીરીરાજ, મહેન્દ્ર રાઠોડ, અનંત પટેલ, વિનોદ માણેક, ઋતંભરા ઠાકર, કમલેશ જેઠવા, સાહિલ, રમેશ ચૌહાણ જ્યારે ગદ્યમાં જય વસાવડા, રમેશ ઠક્કર, સંજય થોરાત, કિરીટ ત્રિવેદી, કાન્તીલાલ શર્મા, લતા હિરાણી, દક્ષા નિમાવત, હાર્વી વાઢેરના લેખથી આ ૬૫ પાનાનો અંક બન્યો છે.

# પોલીસ અધિકારીએ કોવિડ ગાઈડલાઈનનું પાલન કરવા માર્ગદર્શન આપ્યું



ગાંધીનગર તા. ૬

ગાંધીનગરના સેકટર-૭ પોલીસ સ્ટેશન અને સેકટર-૫ના વસાહતી આગેવાનો સાથે હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ કોરોનાની મહામારીમા ધ્યાને રાખવા જેવી બાબતો ફરજીયાત માસ્ક પહેરવું, કોવિડ ગાઈડ લાઈનનું પાલન કરવું, સેનેટરાઈઝરનો ઉપયોગ કરવો, શરદી ખાસી તાવ આવેતો તરતજ ડૉક્ટરનો સંપર્ક કરવો જેવી બાબતોની સેકટર-૭ પોલીસ અધિકારી એમ એસ રાણા દ્વારા જાણકારી આપવામાં આવી હતી અને સેકટરના દરેક વસાહતીઓને આ બાબતે જાણકારી આપી માહિતગાર કરવા જણાવેલ હતું. તેઓ દવારા લોકસંપર્ક કરી જનજાગૃતિ માટે સેકટર-૫ ખોડીયાર મંદિર ખાતે વસાહતી આગેવાનો સર્વશ્રી કેશરીસિહ બિહોલા, કાનજીભાઈ દેસાઈ, રામદાન ગઢવી, ધનશાયમસિહ ગોલ, હરિદાન ગઢવી તથા પોલીસ સ્ટાફ સહિત કોવિડ મહામારીની સુચનાઓ જાણકારી માટે સોશિયલ ડિસ્ટન્સ સાથે ચર્ચા બેઠક યોજાઈ હતી અને સેકટર દ્વારા પુરો સહકાર આપવામાં આવશે તેવી વસાહતી આગેવાનો દ્વારા ખાતરી આપી હતી.